# નિગમમાં નિવૃત ડ્રાયવર/કંડકટરને નિવૃત્તિ બાદ કરાર આધારિત ફીક્સ પગાર/ઉચ્ચક વેતનથી નિમણુક મેળવવા અંગેની બોલીઓ અને શરતો :

1. નિગમની સેવામાંથી તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૦/૦૬/૨૦૨૪ સુધી નિવૃત થયેલ /થનાર ડ્રાયવર / કંડક્ટર પૈકી તદ્દન હંગામી ધોરણે કરાર આધારિત નિમણૂંક મેળવવા ઇચ્છતા હોય તો તેઓએ નીચે દર્શાવેલ નમૂના મુજબની અરજી રજૂ કરવાની રહેશે.
2. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ ખાતે ડ્રાયવર/કંડકટર કક્ષામાં તદ્દન હંગામી ધોરણે ૧૧ માસ **અથવા** ઉમેદવારની ૬૨ (બાસઠ) વર્ષની ઉમર સુધી **અથવા** નિગમને જરૂર જણાય તે પૈકી જે વહેલું હોય ત્યાં સુધી નિયત શરતોને આધીન કરાર આધારિત નિમણુક આપવામાં આવશે.
3. ડ્રાયવર/કંડકટર કક્ષામાં કુલ રૂ.૨૬,૦૦૦/- (અંકે રૂપિયા છવ્વીસ હજાર પુરા) માસિક ઉચ્ચક વેતન ચુકવવામાં આવશે.
4. ડ્રાયવર/કંડકટર કક્ષામાં કરાર આધારિત નિમણુક મળ્યેથી દિન-૧૫ માં ઉમેદવારે શારીરિક રીતે ફીટ હોવા અંગેનું સિવિલ સર્જનશ્રીનું દાકતરી પ્રમાણ પત્ર તેમજ તેઓની સામે કોઈ પણ પોલીસ કેસ/ નામ. કોર્ટમાં કેસ પડતર ન હોય/ અન્ય કોઈ ગંભીર ગુન્હા અન્વયે કાર્યવાહી ન થયેલ હોય તે અંગેનું સબંધિત પોલીસ સ્ટેશનનું ચારિત્ર્ય અને પુર્વ ઇતિહાસની ખરાપણાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. ભૂતકાળ માં કોઈપણ ફોજદારી કાર્યવાહી માં સજા,દંડ (ફાઇન),થયેલ હોય તો તેની વિગતો ચોક્કસ જણાવવી. જો કોઈપણ વિગત/પ્રમાણપત્ર ખોટું હોવાનું માલૂમ પડશે અથવા છુપાવવામાં આવશે તો તમોને કોઈપણ પ્રકાર ની નોટિસ વગર છૂટા કરી કરાર નો અંત કરવામાં આવશે.
5. ડ્રાયવર/કંડકટર કક્ષામાં કરાર આધારિત નિમણુક આપ્યા બાદ એક માસની નોટીસ આપી સેવાનો અંત લાવવામાં આવશે.
6. ડ્રાયવર/કંડકટર કક્ષામાં કરાર આધારિત નિમણુક આપ્યા બાદ નિગમ દ્વારા વહીવટી કારણોસર કોઈ પણ ડેપો / એકમ ખાતે બદલી કરવામાં આવશે. સદરહુ બદલી અંગેના લાભો મળવા પામશે નહી તેમજ બદલી અંગેની કોઈ પણ રજુઆત/ભલામણ ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.
7. કોઈપણ પ્રકારનો વધારાનો કે ઈજાફો મળવાપાત્ર થશે નહિ. મોઘવારી ભથ્થું, વચગાળાની રાહત અથવા પગાર પંચના બીજા લાભો કે સેવા વિષયક અન્ય કોઈ લાભો કે સેટલમેન્ટ મુજબના કોઈપણ લાભો કે કોઈપણ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહિ. જો ઓવરટાઇમ ફરજ લેવામાં આવશે તો ફિક્સ પગારના કર્મચારીઓ માટેની વખતોવખતની જોગવાઈ મુજબ ઓવરટાઇમ મળવાપાત્ર થશે.
8. ડ્રાયવર/કંડકટર કક્ષામાં કરાર આધારિત/તદ્દન હંગામી નિમણુક હોઇ, કોઈપણ નાણાકીય લાભ કે નિવૃતિ ને લગતા લાભ માટે સેવાની સળંગતા અંગે કોઈ દાવો કરી શકાશે નહી.
9. આ સમયગાળા દરમ્યાન બજાવેલ સેવા/નોકરી પેન્શન, બોનસ, એલટીસી, એન્કેશમેન્ટ ઓફ લીવ,પેશગી કે તેવા અન્ય કોઈ નાણાકીય લાભો નિગમ પાસેથી મેળવવાને પાત્ર ગણાશે નહિ.
10. કરારના સમયગાળા દરમ્યાન અવસાનના કિસ્સામાં કર્મચારીએ બજાવેલી ફરજના સમયગાળાની માત્ર ફિક્સ વેતનની લ્હેણીની રકમ તેઓના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. પરંતુ એક્સગ્રેસિયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષંગિક લાભ મળવાપાત્ર થશે નહિ.

11. નિગમની કામગીરીની જરૂરીયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તે મુજબ ફરજ બજાવવાની રહેશે. રાજકીય / યુનીયન પ્રવુતિ કે નિગમ વિરુદ્ધની કોઈપણ પ્રવૃતિમાં ભાગ લઇ શકાશે નહિ.
12. કરાર આધારિત સમયગાળા દરમિયાન માત્ર વીકલી ઓફ તથા અન્ય ૦૯ રજાઓ મળવાપાત્ર રહેશે. આ સિવાય પેઈડ હોલીડે કે અન્ય કોઈપણ રજા મળવાપાત્ર થશે નહિ. તે સિવાય ભોગવેલ રજાના દિવસના પગારની કપાત કરી લેવામા આવશે.
13. કરારના સમયગાળા દરમ્યાન ફેટલ અકસ્માત, ગંભીર અકસ્માત, ચોરી, ઉચાપત, ઉદ્ધત વર્તન, ગેરકાયદેસર હડતાલ, ગેરશિસ્ત માલુમ પડશે તો તાત્કાલિક ધોરણે કરારનો અંત લાવવામાં આવશે.
14. ફરજ દરમ્યાન નિગમના ડ્રાયવર/કંડકટર કક્ષાનો નિયત ગણવેશ સ્વખર્ચે પહેરવાનો રહેશે
15. નિગમ તરફથી વહીવટી હિતમાં બીજી કોઈ જરૂરી શરતો નક્કી થાય તે બંધનકર્તા રહેશે.
16. કરારના સમયગાળા દરમ્યાન બજાવેલી ફરજો /સેવાની બાબત અંગે કોઇ પણ પ્રકારની ફોજદારી કે દીવાની કાર્યવાહી સબબ નિગમની કોઇ જવાબદારી રહેશે નહિ.
17. નિગમ દ્વારા આ કરારનો અંત કોઇપણ સમયે કોઇ પણ જાતની નોટીસ/ કારણ આપ્યા સિવાય લાવી શકશે. અને તેવા પ્રસંગે કોઇપણ જાતના વાદ વિવાદ કરવાના રહેશે નહિ.
18. કરારના સમયગાળા દરમ્યાન ડ્રાયવર કક્ષા માટે ભારે પેસેન્જર વાહન ચલાવવાનું હેવી લાયસન્સ તથા કંડકટર કક્ષા માટે ફર્સ્ટ એઇડ સર્ટી અને કંડકટર લાયસન્સ વેલીડ હોવું જરૂરી છે.

## : અરજી અને બાહેંધરીપત્ર :

પ્રેષક : ....................................

.................................................

...................................................

.................................................

પ્રતિ,
વિભાગીય નિયામકશ્રી,
એસ.ટી.વિભાગીય કચેરી,
................................... વિભાગ.

**વિષય : નિગમમાં નિવૃત ડ્રાયવર/કંડકટરને નિવૃત્તિ બાદ કરાર આધારિત ફીક્સ પગાર/ઉચ્ચક વેતનથી નિમણુંક આપવા બાબત.**

સાહેબશ્રી,

હું નિગમના ....................... વિભાગના .......................... ડેપો ખાતેથી ........................ની કક્ષામાંથી તા.............................. ના રોજ વયમર્યાદાને કારણે નિવૃત થયેલ છું. નિગમની તા.................... ના રોજ પ્રસિધ્ધ કરેલ નિવિદા અન્વયે હું ............................ની કક્ષામાં નિવૃતિ બાદ કરારીય ધોરણે નિગમ દ્વારા પ્રસિધ્ધ થયેલ શરતો અને બોલીઓને વખતોવખતના ફેરફારને આધિન કામગીરી કરવા ઇચ્છુક છું તેમજ હું ............................ વિભાગની પસંદગી આપુ છું. આમછતા મને એસ.ટી.નિગમ દ્વારા જે વિભાગમાં ફરજ સોંપવામાં આવે તે મને બંધનકર્તા રહેશે.

આ બાબતે નિગમ દ્વારા નીચે મુજબના જરૂરી દસ્તાવેજો (બિડાણ ૧,૨, ૫ અને ૬) રજુ કરૂં છું તથા બિડાણ ૩ અને ૪ દિન-૧૫ માં રજૂ કરવા બાંહેધરી આપુ છું તે શરતે મને કરાર આધારિત ફરજ પર રાખવા સંમતિ આપુ છું.

તા. ............................... અરજદારની સહિ : ................................
સ્થળ : ............................

બિડાણ :
(૧) નિવૃતિ હુકમ
(૨) આધારકાર્ડ
(૩) શારિરીક ફીટ હોવા અંગેનું સીવીલ સર્જનશ્રીનું પ્રમાણપત્ર
(૪) સબંધિત પોલીસ સ્ટેશનનું ચારિત્ર્ય અને પુર્વ ઇતિહાસની ખરાપણાનું પ્રમાણપત્ર
(૫) બેંક પાસબુકની નકલ
(૬) હેવી પેસેન્જર લાયસન્સ અને બેઝ (ડ્રાયવર માટે) / કંડકટર લાયસન્સ અને બેઝ / ફર્સ્ટ એઇડ સર્ટી. (લાગુ પડતુ હોય તે)